આંક–૬૧ની બચાવપક્ષનો પુરાવાનો હકક ઓપન કરવાની અરજી લગત આજરોજ કરેલ હુકમ મુજબ વધુ ઉલટતપાસ શરૂ

સોગંદ આપ્યા.....

બચાવપક્ષે આંક–૪૨થી આરોપી ધ્રુવ નવીનભાઈ ઠકકરની સરતપાસ લગત ફરીયાદી તર્ફે વધુ ઉલટતપાસ વિ.વ.શ્રી એમ.એમ.વાઘેલા

(૩) એ વાત ખરી છે કે, મેં વૈધાનિક નોટીસનો જવાબ આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મને નોટીસ મળી નથી. એ વાત ખરી છે કે, મારા પિતાશ્રી નવીનચંદ્ર વિરુધ્ધ હળવદ કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના ઘણા બધા કેસો ચાલે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી ગાડીમાં પડેલ ચેકબુકોમાં રહેલ ચેકોનો અશોકભાઈએ દુરઉપયોગ કરેલ છે. એ વાત ખરી છે કે, મેં આ અંગે અશોકભાઈ વીરુધ્ધ કોઈ પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધાવી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે પાલડી પોલીસ સ્ટેશનમાં અશોકભાઈ વીરુધ્ધ ગાડીની ફરીયાદ આપેલ છે. એ વાત ખરી છે કે, મેં ફરીયાદી તરીકે નામજોગ અશોકભાઈ વીરુધ્ધ ગાડી અંગે કે ચેકબુકોના દુરઉપયોગ અંગે મેં જાતે ફરીયાદ નોંધાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારા પિતા પાસેથી ગાડી અશોકભાઈ લઈ ગયા હતા જેમાં ચેકબુકો અને અગત્યના દસ્તાવેજો હતા, હું અને મારા પિતા એકબીજાની ગેરહાજરીમાં ધંધા અર્થે તકલીફ ન પડે એટલે ચેકબુકો અને અગત્યના ડોકયુમેન્ટ મારા પિતાને મેં આપેલા હતા તેથી મારા પિતાએ પાલડી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલી. એ વાત ખરી નથી કે, ફરીયાદી અશોકભાઈને જણસીની ચેક મુજબની રકમ ચુકવવી ન પડે તેથી અશોકભાઈ સામે મારા પિતાશ્રીએ ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી છે કે, તારીખ ૭/૪/૨૦૧૮નાં રોજ એ.પી.એમ.સી. હળવદમાં વેપારીઓની મીટીંગ ભરાયેલી. એ વાત ખરી છે કે, આ મીટીંગમાં વેપારીઓ તથા હું તથા મારા પિતાશ્રી તથા અશોકભાઈ હાજર હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે માલ લે વેંચ કરી હતી તેના જી.એસ.ટી. સાથેના અંશ એન્ટરપ્રાઈઝના નાણા અમે ચુકવી દીધેલા હતા પરંતુ જી.એસ.ટી.માં અમને વેરો મળેલ ન હતો તેના અર્થે અમે ગયેલા હતા. એ વાત ખરી નથી કે, આ મીટીંગમાં મેં અને મારા પિતાશ્રીએ જણસી લે–વેંચ વેપારીઓને નાણાં ચુકવવાનો વાયદો આપેલ હતો. એ વાત ખરી નથી કે, આ મીટીંગમાં મારી તથા મારા પિતાશ્રીની તથા અશોકભાઈની સહી લેવામાં આવેલ હતી.એ વાત ખરી છે કે, તા. ૭/૪/૨૦૧૮ની મીટીંગમાં હું હાજર હતો. એ વાત ખરી નથી કે, હાજરી બદલની મેં ત્યાંના બાંહેધરીપત્ર પર મેં સહી કરેલી. એ વાત ખરી છે કે, મારા પિતા વીરુધ્ધ

પણ અશોકભાઈએ ચેક પરત ફર્યાની ફરીયાદ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી અને મારા પિતાની સહી કરેલ ચેકબુક મારી ગાડીમાંથી લઈને અશોકભાઈએ જાતે ચેક લખી ખોટી ફરીયાદ કરી છે જેનો માલ અમને મળેલ નથી મારા પિતાજી માર્કેટયાર્ડમાં ફેબ્રુઆરી–૨૦૧૮માં ભાડા કરાર પુરો થઈ ગયો પછી મારા અને મારા પિતાજીના નામે માર્કેટયાર્ડમાંથી માલની ખરીદી કરી જાતે અમારા ખોટા ચેકો ભર્યા છે. એ વાત ખરી છે કે, ચેક પરત ફર્યા અંગેની ફરીયાદ મારા પિતાશ્રી વિરુધ્ધ હળવદ કોર્ટમાં ચાલતી હતી. એ વાતની મને ખબર નથી કે, હળવદ કોર્ટમાં મારા પિતાશ્રીને સજા થયેલી. એ વાત ખરી નથી કે, મારે અશોકભાઈને કાયદેસરની જણસીની લેણી રકમ પેટે નાણાં ચુકવવાના હતા અને તે પેટે ફરીયાદવાળો ચેક આપેલો.

આ તબકકે બચાવપક્ષે દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે તેનો અભ્યાસ કરી ફરીયાદપક્ષ ઉલટતપાસ કરવા માંગતા હોવાની મૌખીક રજુઆતને ધ્યાને લેતા સબબ કામ આરોપીની વધુ ઉલટતપાસ માટે મુલતવી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૦૬/૧૦/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.